

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*માણી નહીં મજા 'આજ'ની આ જીવન એળે ગયું,*
*ગુમાવી આનંદની ક્ષણો, આ જીવન પળે ગયું,*
*ખોવાયો એકાંતમાં છતાં આ જીવન મેળે ગયું,*
*ખૂલ્લી રાખી હૃદયની વાડ, આ જીવન ભેળાઈ ગયું.*

### હાઈકુ

*માણી લ્યો મજા,*
*જિંદગી ક્ષણની છે,*
*કરો સાહસ...*

*ખોવાઈ જાવ*
*જિંદગીના મેળામાં -*
*લૂંટો આનંદ...*

### ચિંતન

*તુલસી જસિ ભવતવ્યતા તૈસી મિલઈ સહાઈ ।*
*આવુનુ આવઈ તાહિ પહિં તાહિં તહાં લૈ જાઈ ॥*

**ઉપરોક્ત દોહો બાલકાંઠમાંથી લેવાયેલ છે.**

**હાનિ, લાભ, યશ, મૃત્યુ વગેરે જે સ્થળે કાળે મુર્હૂતે કે દિવસે થનાર હોય છે, તેને માટે તેવી સહાય મળી જાય છે. સહાય તેની પાસે આવે, અથવા તેને ત્યાં લઈ જાય છે.**

**માણસના કર્મનો પરિપાક થાય ત્યારે એને તેની બુદ્ધિ - સહાય - મદદ - સાથીદારો અને સલાહકારો પણ એવા જ મળે છે જો પતન થવાનું હોય તો એવા જ પ્રસંગ - સંજોગો ઊભા થાય છે. આ ઈશ્વરીય રચના છે.**

### સુવિચાર

- જેમ માળો ઊંઘતા પક્ષીઓને આશ્રય આપે છે મૌન તમારી વાણીને આશ્રય આપે છે - **ટાગોર**
- મૂર્ખ નો અવાજ ઊંચો હોય છે, નહિં તો એને કોઈ જ સાંભળશે નહિ - **લોંગ ફેલો**
- આધ્યાત્મિક ક્ષેત્રમાં ભયનું સ્થાન જ નથી, જે નિર્ભય ન હોય, તે આમાં પ્રવેશી જ ન શકે - **જૈનેન્દ્ર કુમાર**
- આપણને જે લાગે તે બોલવું જોઈએ અને જે બોલીએ તે અનુભવવું જોઈએ, વાણી ને જીવન સાથે સંવાદી બનવા દો - **જનકલ્યાણ**
- સમયસર બોલાયેલો શબ્દ જો એક રૂપિયા જેટલો કિંમતી છે, તો સમયસર રાખેલું મૌન બે રૂપિયા જેટલું કિંમતી છે- **તાલમુડ**
- આત્મવિશ્વાસ એ વીરતાનો અર્ક છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : ત્રણ દિવસનો વાસી પેશાબ ખરજવા ઉપર સવાર-સાંજ ચોપડવાથી ખરજવું ચોક્કસ મટે છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

માણસે ભલાઈ-સેવા-પરોપકાર કરવાની ઈચ્છા હોય તો અનેક ક્ષેત્રો છે મંડી પડવું જોઈએ એમાં મુર્હૂત જોવાની જરૂર નથી.

એક માણસ બુદ્ધ પાસે આવ્યો અને કહેવા લાગ્યો. 'હું ખૂબ જ ધનિક છું, અને મારે કોઈ સંતાન નથી. મારી પત્ની પણ મૃત્યુ પામી છે. બીજું કોઈ સગું વહાલું નથી. હું કોઈ ઉમદા સેવાનું સારું કામ કરવા માંગુ છું. હું ગરીબો માટે કંઈક કરવા માંગું છું, મને જરા બતાવો કે મારે શું કરવું જોઈએ?'

પેલા ધનિકની વાત સાંભળી બુદ્ધ પણ રોવા લાગ્યા. પેલા ધનિકે પૂછ્યું, 'આપ શું કામ રોવો છો?'

બુદ્ધે જવાબ આપતા કહ્યું, 'તમે કોઈને મદદ નહીં કરી શકો, કારણ કે તમે તમારી જાતને જ મદદ નથી કરી. તમે કોઈ કરુણાસભર કામ કરી નહીં શકો. કારણ કે તમારી ઉર્જા હજુ પણ નિમ્નસ્તર પર છે. તમારી પાસે જે પાયાનું તત્ત્વ છે. તે હજુ સોનું બન્યું નથી. વાસ્તવમાં મને તમારા માટે અફસોસ થાય છે. તમે લોકોને સહાયરૂપ બનવા માંગો છો પણ સહાય કરતાં નથી. ચેતના હજી જાગૃત થઈ નથી અને ચેતના વિના તમે શી રીતે કરુણા બની શકો?? તમે એ સાચું કેન્દ્ર ધરાવતા નથી જયાં કરુણા વહી શકે છે.'

# ચૂંટણી લક્ષી ઝાકઝમાળ અવળી પડી શકે

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હવે ગુજરાત, ઓડિશા અને અન્ય રાજયોમાં આવી રહેલ વિધાનસભાની ચૂંટણીઓ ઉપરાંત મિશન ૨૦૧૯ અર્થાત્ લોકસભાની નિર્ણાયક ચૂંટણીને નજર સમક્ષ રાખી એમના કાર્યક્રમો ગોઠવી રહ્યા છે. સુપેરે જાણે માત્ર સાચા ક્રાઉડ પુલર છે અને સ્ટાર પ્રચારકોની લાંબી લચ યાદીને એક પલ્લામાં મૂકવામાં આવે ને બીજા પલ્લામાં એકલા મોદી હોય તો મોદીવાળું પલ્લું જ નમશે, એનીય એમને ખાતરી છે. વ્યવહાર દષ્ટિએ પાર્ટી અને સરકારમાં સાનુકૂળ અને સક્ષમ ટીમ રાખવી પડે એટલા પૂરતી એમણે જરૂર રાખી છે. નહીંતર તેઓ પ્રાચીન યુગના ચક્રવર્તી સમ્રાટ જ છે, જેમની આણ ફક્ત ભરતખંડમાં જ નહીં બલકે દેશવિદેસ પર્યંત વિસ્તરી ચૂકી છે. ઊભરતા આર્થિક સામ્રાજય સ્વરુપે તેઓ ભારતને એક વિશેષ ઊંચાઈ પર પ્રસ્થાપિત કરવા કૃતસંકલ્પ છે. જો કે એમનાં કેટલાંક ઉતાવળિયાં પગલાંને કારણે જીડીપી - વિકાસ દર જોખમાયો છે તો વળી અનેક સ્થળે એમના પોતાના પક્ષના પાયાના કાર્યકરોને વિકાસ 'ગાંડો' થયો હોવાનું લાગવા માંડ્યું છે. આ મુદ્દો ગુજરાતની આગામી ચૂંટણી માટે વિપક્ષના હાથનું હથિયાર બની રહેશે. મોદીએ ગુજરાતમાં ઉત્સવ પરંપરા આરંભીને પ્રજાને અહર્નિશ પ્રસન્ન રાખવાનો કીમિયો અજમાવેલો એનું અનુકરણ એમના અનુગામી મુખ્યમંત્રીઓએ ચાલું રાખ્યું છે. એથી થનાર બેફામ ખર્ચ પણ મતદાતાની નજરે ચડ્યો છે. પરંતુ સતત ઝાકઝમાળ વચ્ચે રહેવાની મનોવૃત્તિ મોદી છોડી શકતા નથી. આ પ્રકારની કાર્યશૈલી કદાચ એમની મર્યાદા બની ચૂકી છે. જાપાનના વડાપ્રધાન સાથે ગુજરાતની મુલાકાતે આવી રહેલા આપણા વડાપ્રધાનને સત્કારવા ગુજરાત ગાંડુ થઈ રહ્યું છે. અગાઉ પણ અનેક આંતરરાષ્ટ્રીય હસ્તીઓ ભારતની અધિકૃત મુલાકાતે આવતી, એમનું પ્રોટોકોલ મુજબ લાલ જાજમ સ્વાગત પણ કરાતું હતું, પણ જે પ્રકારે મોદી શૈલીની ઝાકઝમાળ અને ઉત્સવનો માહોલ ખડો કરાય છે એવું કયારેય નથી થયું. આ પણ એક પ્રકારની ઘેલછા જ છે જે પ્રજાને શરુ શરુમાં તો આકર્ષે પરંતુ કાળક્રમે એનું ભ્રમનિરસન થતાં એ ટીકાપાત્ર બની રહે છે. ગુજરાત માટે અમસ્તું પણ 'ગાંડી ગુજરાત' જેવું વિશેષણ વપરાતું રહ્યું છે. ગાંડી ગુજરાત હવે ગાંડા વિકાસને પણ ઓળખતી થઈ છે. ત્યારે નર્મદા મહોત્સવ સહિતના ઝાકઝમાળિયા ઉપક્રમો વર્તમાન સરકાર અને શાસક પક્ષ સામે આગામી ચૂંટણી વખતે પડકાર ન બની રહે એનું પણ વડાપ્રધાને ધ્યાન રાખવું પડશે. આ બધા ખર્ચાળ ઉપક્રમો લાંબા ગાળે બૂમરેંગ થતા હોય છે, જે શાસક પક્ષ અને સરકાર માટે સત્તા ગુમાવવાનું જોખમ ઊભું કરી શકે. વ્યાપક લોકસ્વીકૃતિની અપેક્ષાએ વડાપ્રધાને તાજેતરમાં કરેલું મંત્રીમંડળનું વિસ્તરણ પણ આમાં ભાગ ભજવી શકે. દાખલા તરીકે એમના એક તજજ્ઞ રાજયકક્ષાના મંત્રી અલ્ફોન્સો કનંન્થમે હમણાં બીફ ખાવા - ન ખાવા બાબતે કરેલું નિવેદન કદાચ પર્યટન વ્યવસાયને અનુકૂળ હશે પરંતુ બહુમતી હિંદુ સમાજ કે જેના સમર્થનથી ભગવો પક્ષ સત્તા પર આવ્યો છે એને માટે ખૂબ જ પ્રતિકૂળ નીવડી શકે એમ છે.

**તંત્રીસ્થાનેથી...**

# 'ૐ'નું પદ્ધતિસરનું તાલબદ્ધ ઉચ્ચારણ પ્રાણાયામ બની જાય છે

**અધ્યાત્મ**

**પી.એમ. પરમાર**

'ૐ' એ માત્ર મૂળાક્ષર જ નથી પણ મૂળાક્ષરનો ય એ મૂળાક્ષર છે. હિંદુ ધર્મનું પ્રતીક છે, ઓળખ ચિહ્ન છે. દરેક મંત્રનું એ એન્જીન પણ છે. દા.ત. ૐ નમઃ શિવાય, ૐ ગં ગણપતયે નમ્ :, ૐ એ આદિઅનાદિ છે. સૃષ્ટિની સૌ પ્રથમ શરુઆત જ ૐ ના પ્રચંડ નાદથી થઈ જેને વૈજ્ઞાનિકો બીગબેંગ કહે છે. ૐ એ ભગવાન, ઈશ્વર - નો પર્યાયવાચી પણ છે એટલે કહેવાય છે કે : તસ્ય વાચક પ્રણવઃ - ઈશ્વરનું બીજું નામ ૐ છે.



'ૐ' - એષ્ટાંગ યોગ (યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણ, ધ્યાન અને સમાધિ) નો મૂળાધાર છે. આપણે જયારે 'મ' વ્યંજન (અક્ષર)નું ઉચ્ચારણ કરીએ છીએ ત્યારે શ્વાસ અંદર જાય છે જેને પૂરક કહે છે, 'ઉ' નું ઉચ્ચારણ (સ્વર) એ કુંભક બને છે અને 'અ' - ઉચ્ચારણ રેચક બને છે અર્થાત્ ૐ નું પદ્ધતિસરનું તાલબદ્ધ ઉચ્ચારણ પ્રાણાયામ બની જાય છે. અક્ષર એક ફાયદા અનેક.

'ૐ' નું બંધારણ કંઈક આવું છે : ૩ (ત્રણ) સૂચક આંક, ત્રણ લોક, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, બ્રહ્માજી, લક્ષ્મીજી અને પાર્વતીજી, ભૂત-ભવિષ્ય-વર્તમાન, દૈહિક, દૈવિક, ભૌતિક, જીવ, જગત અને જગદીસ, સવાર-બપોર-સાંજ, સત્ત્વ, રજ, તમ, ઈડા, પિંગલા, સુષુમ્ણા, સાધ્ય-સાધક-સાધક; કર્તા-ક્રિયા-કરણ; જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેય, ૐ તત્ સત્ - આ યાદી લાંબી છે, અટકીએ.

'ૐ' નું શાબ્દિક સ્વરુપ જોઈએ તો અ + ઉ + મ થાય છે. કોઈ પણ શબ્દકોસમાં 'અ' - નો અર્થ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ દર્શાવેલો જોઈ શકાય છે. વર્ણમાળાનો સૌ પ્રથમ અક્ષર 'અ' છે. તેમ સૃષ્ટિના સર્જક જ સૌમાં સૌ પ્રથમ છે. અ-ની મદદ વગર કોઈ પણ વ્યંજન બોલી શકાતો નથી તેમ ભગવાન વગર કશું જ બાકાત નથી. ઉ એટલે ઉર-હૃદય. જયાં સુધી હૃદય ધબકારા મારે ત્યાં સુધી જ આ સૃષ્ટિ તમારી પણ જેવું હૃદય બંધ પડ્યું કે રામ બોલો ભાઈ રામ. આ ઉ એટલે ચેતન તત્ત્વ. અ એટલે પરમાત્મા અને ઉ એટલે આત્મા.

'ૐ' - માં 'મ' એ આપણી વ્યંજનમાળા - કક્કાનો પચીસમો અક્ષર છે - આપણું શરીર પણ યોગાનુયોગ કુલ પચીસ તત્ત્વોનું જ બનેલું છે. જેમ કે : પૃથ્વી, પાણી, પવન, પ્રકાશ, આકાશ - એ પંચમહાભૂત, આંખ, કાન, નાક, જીભ, ત્વચા - પાંચ જ્ઞાનેન્દ્રિય; હાથ, પગ, ગુદા, લિંહ, વાણી - પાંચ કર્મેન્દ્રિય; શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ - એ પાંચ તન્માત્રા; મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર - એ ચાર અંતઃકરણ કુલ ૨૪ અને પચીસમું તત્ત્વ તે આત્મા (પરમાત્માનો અંશ) - આ ૨૫ તત્ત્વો માટે કક્કાનો ૨૫મો અક્ષર મ - લેવાયો. સંધિ છૂટી પાડી તો સિંધુ પ્રગટ થયો. ગાગરમાં સાગર તે આનું નામ!

ૐ - ની આશ્ચર્યકારક ઘટના એ છે કે ગુજરાતી વર્ણમાળાના બાવન અક્ષરની ઉત્પત્તિ ૐ માંથી થઈ છે પરંતુ તે પોતે આ બાવનની બહાર છે. બાવન અક્ષરોમાં ન હોવા છતાં સ્વયં ૐ અક્ષર (જેનો નાશ નથી) છે. પાણીમાં જહાજ છે પણ જહાજમાં પાણી નથી. સંસારમાં રહો પણ તમારામાં સંસાર ન રહે એ સમજાઈ જાય તો પછી કંઈ સમજવાનું કે બાકી રહેતું નથી. ૐ વિશે અનેક વિદ્વાનોએ અનેક વ્યાખ્યાનો આપી અગણિત અર્થો આપ્યા છે પરંતુ સંકોચને લીધે અટકીએ. ૐ ને વંદન કરી વંદના કરી લઈએ :

ૐકારં બિંદુ સંયુક્તં, નિત્યં ધ્યાયંતિ યોગિનઃ
કામદં મોક્ષદં ચૈવ, ૐકારાય નમો નમઃ

# સંત, સર્જક અને સંપ્રદાય

**મોરપીંછના રંગ**

**ડો. કનૈયાલાલ ભટ્ટ**



આજે ૨૧મી સદીમાં સાધુ, શેતાન, સત્તા, સંપ્રદાય અને સવર્ણોની બોલબાલા છે. ઘણી વખત અમને પણ થાય છે કે હવે લેખનગીરી મૂકી દઈને આ પાંચ વસ્તુમાંથી એક બે વસ્તુ પકડી લઈએ. સાધુ અને સંપ્રદાયમાં આજે ખૂબ જ વિકલ્પો ખુલ્લા છે. વળી, આ માર્કેટમાં કયારેક મંદી કે ઓટ આવે જ નહીં. કેમ કે એવા કેટલાંય ઉદાહરણો છે કે માત્ર એકાદ તૂંબડી, ડબલું કે બાલ્ટી લઈને ઘરેથી નીકળી ગયા પછી સાધુ થઈ સંપ્રદાય સ્થાપી થોડા જ વર્ષોમાં અબજો અને ખરવો રૂપિયા વચ્ચે રમવા મળે છે. વળી આવા ધાર્મિક સંપ્રદાયોમાં જોડાઈને પણ આપણે આપણી ધાર્મિક, માનસિક અને શારીરિક અભીપ્સાઓ પરિપૂર્ણ કરી શકીએ છીએ. આજે અમારા સહિત વિશ્વની અનેક ઈન્ટેલીજન્ટ પ્રતિભાઓ આવા ધનિક/ચમત્કારિક સાધુઓ અને સંપ્રદાયો તરફ આકર્ષિત થઈ છે. કારણ કે હવે આવી પ્રતિભાઓ સમજતી થઈ છે કે સંસાર કરતા સંપ્રદાયો તરફ આકર્ષિત થઈ છે. કારણ કે હવે આવી પ્રતિભાઓ સમજતી થઈ છે કે સંસાર કરતા સંપ્રદાય સારો, કેમ કે દરેક સંપ્રદાયની અંદર એક ગુપ્ત સંસાર કે કંસાર હોય છે જેનો અણસાર ભાગ્યે જ કોઈને આવે છે.

આમ જોઈએ તો સાધુ થવાના ફાયદા કેટલાય છે. કોઈ પ્રકારની સાંસારિક જવાબદારી નહીં. પત્નીની પરેશાનીથી મુક્તિ અને ઘર-બારની ચિંતા નહીં. એશ આરામથી જીવવાનું. એ.સી. કારમાં ફરવાનું, જાત જાતના ફ્રુટ્સ અને સૂકો મેવો આરોગવાનો અને ધાર્મિક પ્રવચનો આપવાના... આ સંદર્ભે અમારા ચાહકોની સંખ્યા જોઈને અમારા ઘણા મિત્રો અમને એક જુદો જ સંપ્રદાય સ્થાપવાનું ઘણી વાર કહે છે. મિત્રોનું માનવું છે કે અમે ગમે તેને આકર્ષી શકીએ છીએ, ગમે તેનું વ્યક્તિત્વ બદલી શકીએ છીએ. ગમે તેને ગમે ત્યારે ગમે તેવું સમજાવી શકીએ છીએ. આખા સમૂહ ઉપર પણ અમે સંમોહન કરી શકીએ છીએ. અમારી આંખોમાં અજબ પ્રકારની શક્તિ રહેલી છે. અમારા સ્પર્શ માત્રથી જીવમાત્ર નવો અવતાર ધારણ કરે છે. નવી ચેતના મેળવે છે. (કદાચ એટલે જ અમારી પત્ની અમારી શક્તિ અમારામાં જ રહે એવું ઈચ્છીને અમે કયારેય કોઈ મહિલા મિત્ર સાથે હસ્તધૂનન કરીએ છીએ અને પત્ની જોઈ જાય છે તો ઘેર જઈને મોટું મહાભારત કરે છે પછી ભીષ્માવસ્થામાં એમના શબ્દોની બાણશૈયા ઉપર મૌન થઈને સૂઈ જવું પડે છે.) અલબત્ત... મિત્રોની આવી ધારણા અમને ઘણી વખત સાધુ થઈ જવાની પ્રેરણા પૂરી પાડે છે. અને અમને પણ વિશ્વાસ છે કે અમારા ભક્તો અને અનુયાયીઓની સંખ્યા વધારવા પર પ્રતિબંધ છે પણ સાધુ-સંત માટે ભક્તોની સંખ્યા પર કોઈ પ્રતિબંધ નથી. પછી ભલે ને એ ભક્તોમાં અનેક પત્નીઓ હોય. આ રીતે જોઈઓ તો કવિઓ / લેખકો માટે આ સાધુ-સંતનો વ્યવસાય ઉત્તમ કહેવાય. કેટલીયે મહિલાઓને જાગૃત કરીને 'મહિલા જાગૃતિ અભિયાન' ચલાવી શકાય. કોઈ શંકા પણ ના કરે. અને જયારે કોઈ મહિલા ચરણસ્પર્શ કરે ત્યારે આપણને તેના મસ્તકથી શરુ કરીને પીઠ સુધી ગમે ત્યાં હાથ મૂકવાની ધાર્મિક-શાસ્ત્રોક્ત છૂટ પણ ખરી. પછી તો આપણી પત્ની પણ કશું ના કરી શકે. આમ આપણે ગમે તેટલા મોટા ગઝલકાર હોઈએ, છંદોના જ્ઞાતા હોઈએ પણ કોઈ નવોદિત મહિલા કવયિત્રીને આપણા ઘેર આપણા રૂમમાં છંદોનું જ્ઞાન આપવા બોલવીએ અને પત્ની આવી ચડે તો અડધી સેકન્ડમાં આપણું તમામ છંદોનું જ્ઞાન વિલીન થઈ જાય છે અને પેલી નવોદિતા નવ ઉદિત થતાં પહેલાં જ કરમાઈ જાય છે પણ જો આપણે સાધુ-સંત હોઈએ તો મંદિરની નીચે બનાવેલા વિશાળ ભોયરામાં આપણા વિશાળ એ.સી. ભક્તિભવન, સાધનાભવન કે યોગભવનમાં પ્રત્યેક મહિલાઓને પ્રસાદ આપવાના બહાને બોલાવી શકીએ છીએ અને ઘણી વખત યોગને બહાને છેક ભોગ સુધી પહોંચી શકાય છે. બાકી તેમની ગઝલોની ચોપડીઓ છપાવીએ, ગમે તેટલી લાંબી-ટૂંકી ગઝલો લકીએ અને છતાંય ચારે બાજુ ડાફોળિયા મારવા પડે એના કરતા એક જ વસ્ત્ર પહેરીને 'ૐ' બોલવાથી કેટલી બધી સુવર્ણ અને સવર્ણ તકો મળી રહે છે. ખરું 'જોમ' તો 'ઓમ' માં છે, ગઝલોમાં કે છંદોમાં નથી. એનાથી તો 'જોમ' હોય એ પણ જતું રહે છે.

જો કે આવી બધી સુવિધાઓને કારણે અમારા મિત્રો અમનો નવો સંપ્રદાય સ્થાપવાનું નથી કહેતા પણ તેઓનું માનવું છે કે જો અમે ખરેખર સંપ્રદાય સ્થાપીએ તો બીજા સંપ્રદાયના સાધુ-સંતો ઉપર પણ અમારો ભવ્ય પ્રભાવ પડશે અને બધા સાધુ-સંતો સુધરી જશે. (અથવા અમે બગડી જઈશું) જો કે અમે તો પહેલેથી જ ઊલટું માનીએ છીએ કે 'ભોગ' થી 'યોગ' સુધી જાય એને સાચો સંત કહેવાય અને 'યોગ' થી 'ભોગ' સુધી જાય એને શેતાન કહેવાય. વળી ભગવા, કાળા, સફેદ, લીલા, પીળા કે કોઈ પણ રંગનાં એકવસ્ત્ર પહેલી સાધું થઈ જવું સહેલું છે પણ બે-ચાર વસ્ત્રો ને ઉપવસ્ત્રો પહેલીને સંસારી થઈ જીવવું અઘરું છે. કેમ કે ભક્તિ અને યોગથી ભગવાનને સમજાવી શકાય છે પણ 'શક્તિ અને ભોગ' થી પત્નીને સમજાવી શકાતી નથી. વળી ભગવાન કયારેક સદેહે હુમલો કરતો નથી જયારે પત્ની તરફથી એ ભય હંમેશા રહેલો છે.

અમે કયારેય ઘરમાં કે બહાર લાંબુ કે કંટાળાજનક પ્રવચન ન આપ્યું હોવા છતાંય અમારી પત્ની અમને ઘણી વખત કહે છે કે 'તમે તો સંત-મહાત્મા જેવા છો.' અમને હજી સુધી એ નથી સમજાયું કે અમારા કયાં લક્ષણને કારણે અમારા વિશે આવો હલકી કક્ષાનો અભિપ્રાય બંધાયો હશે. અમે લેખક / કવિ / સાહિત્યકાર હોવા છતાંય હજી સુધી (વર્ષ - ૨૦૦૯) અમારું ચારિત્ર્ય શ્વેત વાદળ જેવું શુદ્ધ રાખી શક્યા છીએ. અમે કયારેય તરસ્યા નથી થયા કે કોઈની ઉપર વરસ્યા પણ નથી. આમ છતાંય અમારી પત્ની અમારી સંવેદનશીલતા ઉપર શંકાની સોય વારંવાર મૂકીને અમને સાધુ બનવા માટે પ્રોત્સાહિત કરે છે અને એક બે નજીકના સંત મિત્રો અમારા સંપર્કને કારણે ફરીથી સંસારમાં પ્રવેશવા પ્રોત્સાહિત થયા છે. હવે અમારે શું કરવું એ જ નથી સમજાતું. જો કે ઘણી વખત ન સમજાય ત્યારે અમે અરીસામાં જોઈને હસી લઈએ છીએ.

અમે એ પણ જાણીએ છીએ કે સાધુ બન્યા પછી અરીસાનો ત્યાગ કરવાનો હોય છે કેમ કે અરીસો ભ્રમિત પણ કરે છે અને સત્ય પણ બોલે છે. પરંતુ ભ્રમિત થયા પચી સત્ય દેખાતું નથી. જો કે સાધુ બન્યા પછી બીજું પણ ઘણું બધું ત્યાગવું પડે છે. ઈચ્છાઓ, એષણાઓ, વાસનાઓ, રાજનીતિ, પ્રસિદ્ધિનો મોહ, સત્તા, સંપત્તિ, સ્ત્રી (અન્યની), સમૃદ્ધિ, સાધન... આવું ઘણું બધું ત્યાગવું પડે છે પરંતુ આજે સાધુ-સંતોની સાધુતા આઈપીએલની મેચોમાં નાચતી ચીયર ગર્લ્સ જેવી થઈ ગઈ છે.

અંતમાં અમને લાગે છે આપણે સાધુ કે સંપ્રદાયના ચક્રમાં પડવું નથી. આપણો સર્જક સંપ્રદાય સારો છે. મિત્રો કે પત્ની ગમે તેટલા ઉશ્કેરે કે પ્રેરણા આપે આપણે 'હાસ્યલેખક' થી વધારે આગળ વધવું નથી... જયહિંદ - 'જય ભારત...'

# ગરબો : 'પાવા તે ગઢ' થી 'ચાર ચાર બંગડી' સુધી...!

**રજળપાટ**

**અજય ઉપાધ્યાય**



જગતની માલીપા વસેલા કોઈ પણ ગુજરાતીને પૂછો કે ગરબો એટલે શું ? તો તરત જ જવાબ મળશે કે ગરબો એટલે નૃત્ય, સંસ્કૃતિ અને સંગીતનો રાપચિક મેળાવડો....! ગરબે રમવું એ એક કળા છે અને એનાથી વિશેષ ગરબે રમવું એ એક પ્રકારનું હિલીંગ છે કે જેનાથી મન, આત્મા અને શરીરને અજબ અને અદ્ભુત આનંદ અને રાહત આપે છે. મેડીકલ સાયન્સ તો એમ પણ કહે છે કે એક કલાક સતત ગરબા રમવાથી શરીરની ૩૦૦ કેલેરી બળી જાય છે...સતત ગોળાકાર ફરવું જેને શાસ્ત્રોગત રીતે ચક્રમણ ક્રિયા કહેવાય છે એનાથી બ્લડ શુગર અને બ્લડ પ્રેશરના દર્દીને રાહત થાય છે... જે લોકો ડિપ્રેશન કે હતાશામાંથી પસાર થતાં હોય, તેમના માટે ગરબા અને ગરબાનું સંગીત મૂડ એલિવેશન જેવા છે. ભલેને એમ કહેવાય કે ગરબો તો ગુજરાતનો જ પણ હકીકત એ છે કે સંગીત અને નૃત્યને કોઈ સીમા, ભાષા કે સરહદો નથી નડતી એ જ રીતે ગુજરાતનો ગરબો હવે ઓલમોસ્ટ વૈશ્વિક ઓળખાણ થઈ ચુક્યો છે. વિદેશીઓમાં 'નાઈન નાઈટ મ્યુઝીકલ ફેસ્ટીવલ' તરીકે ઓળખાતો ગરબો જયારે અમેરિકા, યુરોપ કે બીજા દેશોની ધરતી પર રમાય છે ત્યારે વિદેશીઓ પણ અચંબાથી આ અદ્ભુત નૃત્ય અને સંગીતની જાદુગરીને જોઇને નવાઈ પામે છે એટલું જ નહિ પણ હોંશે હોંશે એમાં ભાગ પણ લે છે...! એકસાથે હજારો ખેલૈયાઓને સંપૂર્ણ શીસ્તથી અને એકદમ લયમાં નાચતા જોઈને ભુરીયાઓ મો મા આંગળા નાખી જાય છે...!

ગરબો એટલે શું? એવું અનુમાન છે કે 'ગરબો' શબ્દ મૂળ સંસ્કૃત 'ગર્ભદીપ' શબ્દ પરથી ઉતરી આવ્યો છે ગર્ભમાં એટલે મધ્યભાગમાં 'દીપઃ' એટલે કે દીવો. આજે પણ મધ્યભાગમાં દીવાવાળા ઘડાને ગરબો કહેવામાં આવે છે. જેના મધ્યભાગમાં દીવો છે એવો ઘડો એટલે ગરબો કે જેનું માતાજીના મંદિરમાં સ્થાપન કરવામાં આવે છે જો કે કાળ ક્રમે એમાંથી 'દીપ' પદ છૂટી ગયું. અને 'ગર્ભ' માંથી ગરબો આવ્યો. ગરબો આ શબ્દ નવરાત્રી દરમ્યાન જુદી જુદી રીતે ઓળખાય છે, ગરબા ગાવા, ગરબાનું સ્થાપન કરવું આ બંને અલગ અલગ બાબત છે. યુગોથી ચાલી આવતી આ ગરબા પ્રણાલિકાનાં મુખ્ય બે પ્રકાર છે. એક પ્રકાર સ્થૂળ રૂપે રહેલ છે અને બીજો પ્રકાર વાણી રૂપે પ્રગટ થાય છે. ગરબાનાં પ્રથમ સ્થૂળ સ્વરૂપમાં માટીનો કે ધાતુનો ગરબો આવે છે અને બીજા પ્રકારમાં તાળીઓ પાડતાં દીવા કે માંડવીની આસપાસ ફરતાં ગાવું અર્થાત વાણી સ્વરૂપે પ્રગટ થાય છે તે ગરબો. ભગવદ્ગોમંડલમાં ગરબો શબ?દનો અર્થ કરતાં કહ્યું છે કે માટીની, કે ધાતુની બનાવેલી કાણાઓવાળી માટલીની અંદર રહેલા ગર્ભને ગરબો કહે છે. આ કાણાઓમાંથી ગર્ભમાં રહેલ દીપ પોતાનાં તેજોમય પ્રકાશ પાથરે છે. માટીના ગરબાનો અર્થ કાઢતાં આપણાં શાસ્ત્રો કહે છે કે માટી એ પૃથ્વી તત્વનો ભાગ છે તેમ આપણું શરીર પણ પૃથ્વી તત્વનો એક ભાગ છે. ગરબાનો દીપ તે આપણાં આત્માનું સ્વરૂપ છે. જયારે એ આત્મા રૂપી દીપમાંથી તેજોમય કિરણો છે જે બહાર પ્રસરીને જગતને આનંદ રૂપી પ્રકાશ આપે છે.

ખેર ગરબાનું વધુ આધ્યાત્મિક વિશ્લેષણ કરવા કરતા નવરાત્રી અને એની ગુજરાતીઓ દ્વારા થતી ભવ્ય ઉજવણી પર જઈએ. 'મા પાવા તે ગઢ થી ઉતર્યા મહાકાળી રે' થી શરુ થયેલો ગુજરાતી ગરબો અને ગુજરાતી નવરાત્રી અત્યારે 'તને ચાર ચાર બંગડી વાળી ગાડી લઈ દઉં' સુધી પહોચી ગયો છે. સમય બદલાય એમ ભક્તિ અને આરાધનાના પ્રકારો પણ બદલાય કે નહિ..? ખુશી એ વાતની છે કે પાર્ટી પ્લોટોમાં ગવાતા કે રમાતા ગરબાની સાથોસાથ ફ્લેટોના પાર્કિંગમા રમાતા અને એ જ રીતે શેરીઓમાં રમાતા ગરબાની સંખ્યામાં કોઈ ઘટાડો નથી જોવા મળ્યો ઈનફેક્ટ અમદાવાદ, વડોદરા જેવા મોટા શહેરોમાં તો હવે પાર્ટી પ્લોટોમાં ગરબા રમવા જતા ભોગવવી પડતી જફાઓની સામે સોસાયટી કે ફ્લેટોમાં ગરબા રમવાનો ટ્રેન્ડ વધતો જાય છે...! નવરાત્રીના વધુ પડતા વ્યાપારીકરણની આ આડઅસર છે એમ કહી શકાય...! ખેર શેરી ગરબા, પ્રાચીન ગરબા અને અવર્ચીન ગરબા આ બધા જ ગરબા સોસાયટીઓ અને ફ્લેટોમા બાંધેલા નવરાત્રીના મંડપમાં લાગેલા મોટા મોટા સ્પીકર્સમાંથી ગુંજ્યા કરે છે ત્યાં સુધી ગરબો અને ગરબાની ગમે એટલી આધુનિક અને વ્યવસાયીક ઉજવણી થશે તો પણ મા ની ભક્તિ અને આરાધનાનો ભાવ ઓછો નહિ થાય એ નક્કી છે..!

દરેક નવરાત્રીએ ગરબામાં નવા નવા ટ્રેન્ડ આવતા હોય છે અને એ દરેક ઉત્સવ વખતનું અવિભાજય અંગ છે. આ વખતે લાગે છે કે ' ચાર ચાર બંગડી 'ટ્રેન્ડમાં રહેવાનું..!! એમ તો આ વખતે માતાજીની આરાધનામાં પાર્ટી પ્લોટોમાં ' સોનું તને મારા પર ભરોસો નહિ કે...' પણ છવાય જવાનું એ નક્કી છે. આ સિવાય 'ભલા મોરી રામા' કે 'લાલ લાલ સનેડો' જેવા આધુનિક ગીતો તો ઈનથીંગ રહેવાના જ એ નક્કી છે. તો કોમન પ્લોટો અને ફ્લેટોમાં થતા ગરબા આયોજનોમાં ઓલ ટાઈમ હીટ 'ખેલૈયો' આ નવરાત્રીએ પણ વાગતું રહેવાનું...! અવનવા સ્ટેપ્સ વગર તો ગરબા રમાય જ કેમ ? એક તાળી, ત્રણ તાળી, હીંચ, દોઢિયું જેવા સ્ટેપની સાથે સાથે આ નવરાત્રીમાં 'સાલસા 'ગરબા ધૂમ મચાવશે એવા એંધાણ છે...! એમ તો શક્યતા તો એવી પણ છે કે છેલ્લા એક મહિનાથી ગુજરાતમાં ઘર કરી ગયેલો વરસાદ આ નવરાત્રીએ પણ આવી શકે છે...તો ? વાંધો નહિ...ગરબા આયોજકો અને ખેલૈયાઓ તો 'રેઈન ડાંસ' માટે પણ તૈયાર છે જ...વરસતા વરસાદમાં ગરબા રમવાની મજા...! મૂળે નવરાત્રી આનંદ અને ઉલ્લાસનો ઉત્સવ છે. સોગીયાઓ ભલે ને બોલીવુડ ગીતો પર અને હાઈ-બીટ મ્યુઝીક પર રમાતા ગરબા સાંભળીને કાનના પડદા બંધ કરાવી નાખે પણ હકીકત એ છે કે ઘણા બધા પાર્ટી પ્લોટોના આયોજનોમાં પ્રાચીન ગરબાઓને આધુનિક બીટ અને તાલ પર રજુ કરાય જ છે. 'ઉડી ઉડી જાય' જેવા બોલીવુડ ગીતો પર રમનારા ખેલૈયાઓ એટલે જ જોશ અને આનંદથી 'નદી કિનારે નાળીયેરી રે ભાય નારીયેળી રે...' પર પણ ઝૂમે જ છે...! પાર્ટી પ્લોટોમાં પણ મૂળ ગરબા સચવાય રહ્યા જ છે અને એના અનેકો ઉદાહરણો ખાસ કરીને સૌરાષ્ટ્ર બાજુ થતી ગરબીઓ કે પછી વડોદરા જેવા આધુનિક શહેરમાં થતા 'યુનાઈટેડ વે' જેવા ગરબા

અનુસંધાન પાના નં. ૭ પર